# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર
# વલ્લભ વિદ્યાલય, બોચાસણ ૩૮૮૧૪૦
# તા.બોરસદ જિ.આણંદ

## પ્રવૃતિ – દર્પણ

અંક : ૧૬

જુલાઇ - ૨૦૨૦

૧. અનલૉક – ૨ તા.૦૧/૦૭/૨૦૨૦ બુધવારથી ૩૧/૦૭/૨૦૨૦ શુક્રવાર.

૨. પૂ.રવીશંકર મહારાજની પુણ્યતિથિ તા.૦૧/૦૭/૨૦૨૦, બુધવાર.

૩. મા. માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) દ્વારા ગ્રામસેવા કેન્દ્રના સંયોજકો તથા આચાર્યો સાથે ઓનલાઈન સંવાદ તા.૦૧/૦૭/૨૦૨૦, બુધવાર.

૪. મોબાઈલનો ઓનલાઈન ચર્ચામાં કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનું ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી માર્ગદર્શન. તા.૦૨/૦૭/૨૦૨૦ ગુરૂવાર.

૫. કુમાર છાત્રાલયના સેવકો સાથે બેઠક. તા.૦૩/૦૭/૨૦૨૦ શુક્રવાર.

૬. કૉમ્પ્યુટર ડેટા મેનેજમેન્ટ, સેફ્ટી અને સિક્યોરિટી ઓનલાઇન તાલીમ શિબિર.તા.૧૪/૦૭/૨૦૨૦ મંગળવારથી તા.૧૬/૦૭/૨૦૨૦ ગુરૂવાર સુધી.

૭. ઊર્જા બચત અને સંચાલન ઓનલાઇન તાલીમ શિબિર. તા.૨૧/૦૭/૨૦૨૦ મંગળવારથી તા.૨૨/૦૭/૨૦૨૦ બુધવાર.

૮. જિલ્લા પંચાયત, આણંદ દ્વારા પેવર બ્લૉક માટે રૂ. ૨ લાખનું અનુદાન તા.૨૨/૦૭/૨૦૨૦ બુધવાર.

૯. તા.૩૧/૦૭/૨૦૨૦ને શુક્રવાર સુધીમાં ધોરણવાર સંખ્યા.

૧૦.સ્વાવલંબન (અનાજ, શાકભાજી, દૂધ) નાં જુલાઇ માસ દરમિયાનનાં કાર્યો.

-: ખાવાનું દવાની જેમ ખાઓ, નહીં તો દવાને ભોજનની જેમ ખાવી પડશે :-

જમવાના આ 5 નિયમ જે રોગ પ્રતિકાર શક્તિને સુરક્ષિત રાખશે.

1. <u>મીઠું ૨૩૦૦ મિગ્રાથી વધુ નહીં.</u>

   વધુ પડતા મીઠાના સેવનથી રોગ પ્રતિકાર શક્તિ નબળી પડે છે. સ્વસ્થ વ્યક્તિ માટે દરરોજ એક ટીસ્પૂન મીઠું (2300 મિ.ગ્રા) પૂરતું છે.

2. <u>ખાંડ 25 ગ્રામથી વધુ નહીં.</u>

   આપણે દરરોજ 25 ગ્રામ ખાંડનું સેવન કરી શકીએ છીએ. વધુ પડતી ખાંડ ખાવાથી રોગ પ્રતિકાર શક્તિ ઘટે છે.

3. <u>વધુ પડતું કેફિન ન લો.</u>

   કેફિન વધુ પડતું લેવાથી ઊંઘ પર અસર પડે છે. ઊંઘ પુરી ન લેવાથી રોગ પ્રતિકાર શક્તિ ઘટે છે. ઊંઘવાના લગભગ ૬ કલાક પહેલાં સુધી કૉફી કે ચા પીવી નહીં.

4. <u>ફાઇબર યુક્ત ભોજન વધુ લો.</u>

   ફાઇબર યુક્ત ભોજનથી ઊંઘ સારી આવે છે તેનાથી રોગ પ્રતિકાર શક્તિ વધે છે. દરરોજ ઓછામાં ઓછું 30 ગ્રામ ફાઇબર ફુડ જમો. શાકભાજી , ફળ , દાળ , વટાણા ખોરાકમાં સામેલ કરો.

5. <u>લીલા શાકભાજી વધુ જમો.</u>

   લીલા શાકભાજી ખાવાથી શરીરને વિટામિન ‘ સી ‘ અને વિટામિન ‘ એ ‘ મળે છે. તેનાથી રોગ પ્રતિકાર શક્તિ વધે છે. સલાડ, ફણગાવેલાં અનાજ ખોરાકમાં સામેલ કરો.

“ સંકલિત “

સંકલન
૧.શ્રી ઉદેસિંહ સોલંકી
૨.શ્રી કિશોરભાઇ રાવલ ૩.શ્રી સુનિલકુમાર જાદવ
૪.શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી ૫.શ્રી રાવજીભાઇ પરમાર

ટાઇપ અને લે-આઉટ
શ્રી સાજીદભાઇ વહોરા

આ માસિક પત્રિકા ફક્ત શૈક્ષણિક હેતુ અને માર્ગદર્શન માટે છે

1. અનલૉક – ૨ તા.૦૧/૦૭/૨૦૨૦ બુધવારથી ૩૧/૦૭/૨૦૨૦ શુક્રવાર.

કાર્યકારી કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના તા. ૦૮/૦૭/૨૦૨૦ને બુધવારના પરિપત્ર પ્રમાણે ગ્રામસેવા કેન્દ્ર – વલ્લભ વિદ્યાલય , બોચાસમાં અનિવાર્ય કાર્યો ગોઠવાયાં છે. બધા વિભાગોના સેવકો પોતાનાં વિભાગમાં હાજર રહે છે. અને પોતાનાં કાર્યો કરે છે.

૧. ઓનલાઇન શિક્ષણ કાર્ય ચાલુ છે.
૨. ગંગાબા ગૌશાળામાં જરૂરી કામો ચાલુ છે.
૩. વિનાયમંદિર ઉદ્યોગમાં જરૂરી કાર્યો કરવામાં આવે છે.
૪. શતાબ્દી વન અને શતાબ્દી વૃક્ષની માવજત કરવામાં આવે છે.
૫. સંસ્થા પરિસરની સફાઈ કરવામાં આવે છે.
૬. કોરોના મહામારીની કાળજી લેવામાં આવે છે.

2. પૂ.રવીશંકર મહારાજની પુણ્યતિથિ તા.૦૧/૦૭/૨૦૨૦, બુધવાર.

પૂ.રવિશંકર મહારાજની તા.૦૧/૦૭/૨૦૨૦ને બુધવારે પુણ્યતિથિ હતી. આ દિવસે સમાધિએ ફૂલની રંગોળી પૂરવામાં આવી. બધા વિભાગોના સેવકોએ પુષ્પાંજલિ અર્પણ કરી.

3. મા. માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) દ્વારા ગ્રામસેવા કેન્દ્રના સંયોજકો તથા આચાર્યો સાથે ઓનાલાઈન સંવાદ તા.૦૧/૦૭/૨૦૨૦, બુધવાર.

માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) માં.શ્રી રાજેન્દ્રભાઇ ખીમાણી સાથે ગ્રામસેવા કેન્દ્રોના સંયોજકો તથા આચાર્યો સાથે ઓનાલાઈન સંવાદ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો. તેમાં અરસપરસ નીચેની માહિતીની આપલે કરવામાં આવી.

૧. શાળામાં તથા છાત્રાલયમાં જૂના તથા નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની ધોરણવાર સંખ્યા.
૨. જુલાઈ માસ દરમિયાન કરવાનાં ખેતીનાં કાર્યો.
૩. છાત્રાલય બંધ હોવાથી કોઠારમાં વધેલી, બગડી જાય તેવી વસ્તુઓનો નિકાલ તથા કોઠારની સાચવણી.
૪. ડેડસ્ટોક પ્રમાણે વસ્તુઓની મેળવણી કરવી.
૫. કોરોના ઉપદ્રવ સામે રાખવાની કાળજી તથા તેને માટે જરૂરી વ્યવસ્થા.
૬. ઓનલાઇન શિક્ષણ ધો.૫,૬,૭, ધો.૯,૧૦ ધો.૧૧,૧૨ અને અધ્યાપનમંદિર પ્રથમ, બીજુ વર્ષ.
૭. ઓનલાઇન મોબાઈલનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું તા.૦૨/૦૭/૨૦૨૦ને ગુરૂવારના રોજ સવારે ૧૧-૦૦ વાગે ગૂજરાત વિદ્યાપીઠ તરફથી માર્ગદર્શન.

દર મહિનાના પ્રથમ બુધવારે યોજાતો ઓનલાઇન સંવાદ કાર્યક્રમ ખૂબજ ઉપયોગી થયો છે.

4. મોબાઈલનો ઓનલાઇન ચર્ચામાં કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનું ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી માર્ગદર્શન. તા.૦૨/૦૭/૨૦૨૦ ગુરૂવાર.

ગ્રામસેવા કેન્દ્રના બધાજ વિભાગોના શિક્ષકો માટે મોબાઇલનો ઓનલાઇન ચર્ચામાં કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનું સુંદર માર્ગદર્શન ગૂજારાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી તા.૦૨/૦૭/૨૦૨૦ને ગુરૂવારે બપોરે ૧૧-૦૦ વાગે રાખવામાં આવ્યું.

5. કુમાર છાત્રાલયના સેવકો સાથે બેઠક તા.૦૩/૦૭/૨૦૨૦ શુક્રવાર.

કુમાર છાત્રાલયના સેવકો – ગૃહપતિ, રસોયા, ચોકીદાર સાથે તા. ૦૩/૦૭/૨૦૨૦ને શુક્રવારે સવારે ૧૧-૦૦ વાગે બેઠક કરી તેમાં નીચેના મુદ્દાઓની ( જે મુદ્દાઓ મા.માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) સાથે ચર્ચાયા હતા તે મુદ્દા) ચર્ચા કરવામાં આવી અને તે પ્રમાણે અમલ કરવાનું નક્કી કર્યું.

૧. હિસાબી દફતર
૨. છાત્રાલયનો ડેડ સ્ટોક, તેની મેળવણી અને તેની સંભાળ.
૩. છાત્રાલયના વિવિધ ઓરડાની સફાઇ, સંભાળ તથા મરામત કરવાની વસ્તુઓની યાદી બનાવવી. ( લાઇટ, પંખા, બારી, બારણાં વગેરે )
૪. કોઠારમાં સ્ટૉકમાં હોય તેવી અને ખરાબ થાય તેવી વસ્તુઓ વેપારીને પરત આપવી.
૫. નવા ખરીદેલા ઘઉ સાફ કરાવવા.
૬. બાજરી હમણાં ન ખરીદવી.
૭. અનાજ દળવાની ઘંટીની સફાઇ.
૮. ધોરણવાર સંખ્યા (જૂના તથા નવા પ્રવેશ મેળવેલ છાત્રો)
૯. ગૃહપતિ, રસોયા તથા ચોકીદારની જવાબદારીઓ તેમનો ફરજનો સમય.
૧૦. વિદ્યાર્થીઓ માટે માસ્ક બનાવવા.
૧૧. ખાદી હમણાં ન ખરીદવી.
૧૨. નિયમિત હાજરી પૂરવી.

6. કૉમ્પ્યુટર ડેટા મેનેજમેન્ટ, સેફટી અને સિક્યોરિટી ઓનલાઇન તાલીમ શિબિર.તા.૧૪/૦૭/૨૦૨૦ મંગળવારથી તા.૧૬/૦૭/૨૦૨૦ ગુરૂવાર સુધી.

ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદ તરફથી કમ્પ્યુટર ડેટા , સેફટી અને સિક્યોરિટી અંગે ઓનલાઇન તાલીમ શિબિર તા.૧૪/૦૭/૨૦૨૦ને મંગળવારથી તા.૧૬/૦૭/૨૦૨૦ને ગુરૂવાર સુધી સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન યોજાઇ. તેમાં નીચેના સેવકોએ ભાગ લીધો.

૧. શ્રી સુનિલકુમાર જાદવ ( વિનયમંદિર )
૨. શ્રી દિલીપકુમાર રાવ ( અધ્યાપનમંદિર)
૩. શ્રી સંજયકુમાર લિમ્બાચીયા ( અધ્યાપનમંદિર )
૪. શ્રી સાજીદભાઇ વહોરા ( ગ્રામસેવા કાર્યાલય )
૫. શ્રી અમિતભાઇ પઢિયાર ( કુમાર છાત્રાલય )

7. ઊર્જા બચત અને સંચાલન ઓનલાઇન તાલીમ શિબિર. તા.૨૧/૦૭/૨૦૨૦ મંગળવારથી તા.૨૨/૦૭/૨૦૨૦ બુધવાર.

ઊર્જા બચત અને સંચાલન ઓનલાઇન તાલીમ શિબિર ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદ તરફથી તા.૨૧/૦૭/૨૦૨૦ને મંગળવારથી તા.૨૨/૦૭/૨૦૨૦ને બુધવાર સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ યોજાઇ. તેમાં નીચેના સેવકોએ ભાગ લીધો.

૧. શ્રી કિશોરભાઇ રાવલ ( ગ્રામસેવા કાર્યાલય )
૨. શ્રી સાજીદભાઇ વહોરા ( ગ્રામસેવા કાર્યાલય )
૩. શ્રી દિલીપભાઇ વાઘેલા ( અધ્યાપનમંદિર )
૪. શ્રી સંજયકુમાર લિમ્બાચીયા ( અધ્યાપનમંદિર )
૫. શ્રી રાવજીભાઇ પરમાર ( કુમાર છાત્રાલય )
૬. શ્રી અમીતભાઇ પઢિયાર ( કુમાર છાત્રાલય )
૭. શ્રી કૈલાશબેન ગોહિલ ( કન્યા છાત્રાલય )

8. જિલ્લા પંચાયત, આણંદ દ્વારા પેવર બ્લૉક માટે રૂ. ૨ લાખનું અનુદાન તા.૨૨/૦૭/૨૦૨૦ બુધવાર.

જિલ્લા પંચાયત, આણંદ દ્વારા પેવર બ્લૉક બેસાડવા રૂ.૨ લાખનું અનુદાન આપવાનું મંજૂર થયું છે. તેના માટે માર્ગ અને મકાન વિભાગના ઇજનેર સંસ્થાની મુલાકાતે તા.૨૨/૦૭/૨૦૨૦ને બુધવારે આવી ગયા. અને રસ્તાનું માપ લઇ ગયા.

9. તા. ૩૧/૦૭/૨૦૨૦ને શુક્રવાર સુધીમાં ધોરણવાર સંખ્યા.

વિનયમંદિર, વલ્લભ વિદ્યાલય, બોચાસણ
હાલની સ્થિતિ તા.31/07/2020 સુધી

| ક્રમ | ધોરણ | નીચેના ધોરણમાં પાસ થઈને આવ્યા. સંખ્યા | | નવા દાખલ થયેલાની સંખ્યા | | વર્ગની કુલ સંખ્યા | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| | | છાત્રાલયના | ગામના | ગામના | છાત્રાલયના | | |
| 1 | 6 | 03 | ૦૧ | ૦૦ | ૦૪ | ૦૮ | પ્રવેશ ચાલુ છે. |
| 2 | 7 | ૧૨ | ૦૦ | ૦૦ | ૦૬ | ૧૮ | પ્રવેશ ચાલુ છે. |
| 3 | 8 | ૧૩ | ૦૨ | ૦૦ | ૦૮ | ૨૩ | પ્રવેશ ચાલુ છે. |
| 4 | 9 | ૨૯ | ૦૦ | ૦૦ | ૨૭ | ૫૬ | - |
| 5 | 10 | ૫૦ | ૦૪ | ૦૦ | ૦૧ | ૫૫ | - |
| 6 | 11 | ૧૫ | ૦૦ | ૦૧ | ૧૦ | ૨૬ | પ્રવેશ ચાલુ છે. |
| 7 | 12 | ૨૧ | ૦૬ | ૦૦ | ૦૦ | ૨૭ | પ્રવેશ ચાલુ છે. |
| કુલ | | ૧૪૩ | ૧૩ | ૧ | ૫૬ | ૨૧૩ | |

10. સ્વાવલંબન (અનાજ, શાકભાજી, દૂધ) નાં જુલાઇ માસ દરમિયાનનાં કાર્યો.

૧. વિનયમંદિર ઉધોગ.

1. નીચેના શાકભાજીનું વાવેતર ૨ એકરમાં કર્યું. માવજત કરી.
   સુરણ , દૂધી, કોળી, ગલકી, શક્કરિયાં, ભીંડા, ચોળા
2. ઉનાળુ બાજરીનું ૩૨૪૪ કિલોગ્રામ ઉત્પાદન થયું.
3. ચોમાસાની ઋતુમાં નીચેના પાકોનું વાવેતર કર્યું છે.

૧. લીલો પડવાસ (ઇક્કડ) ૮ એકર
૨. ચોમાસુ બાજરી ૨ એકર

૨. ગંગાબા ગૌશાળા

1. વર્ષ ૨૦૧૯-૨020 નું રૂ.૫૩૦૦૦/- ભાવફેર-બોનસ મળ્યું.
2. ઉનાળું બાજરીનું ૫૨૬ કિલોગ્રામ ઉત્પાદન થયું.
3. જુલાઇ માસમાં દૂધ ઉત્પાદન ૨૧૫૫ લિટર થયું.
4. ચોમાસુ ઋતુમાં નીચેના પાકોનું વાવેતર કર્યું.

૧. લીલો પડવાસ (ઇક્કડ) 4 એકર
૨. ચોમાસુ બાજરી ૧.૫ એકર
૩. લીલો ચારો ૩.૫ એકર